# મોડાસા નગરપાલિકા તંત્ર ગટર-વ્યવસ્થા બાબતે બેદરકાર

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ભાજપ શાસિત નગરપાલિકાનો વહિવટ દિવસે ને દિવસે ખાડે જઈ રહ્યો છે. જંગમ વેરા ભરવા તેમજ ઉઘરાવવા છતાં નગરજનો પ્રાથમિક સગવડથી વંચિત રહેવા પામ્યા છે.




ગઈકાલે સાંજે પડેલા એક થી દોઢ ઈંચ વરસાદમાં જ મોડાસા શહેરમાં સ્થિતિ જળબંબાકાર બની ગઈ હતી. મોડાસા શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ગટર વ્યવસ્થા સંપૂર્ણ ન હોવાથી અને જાળવણીનો અભાવ હોવાથી મોડાસા શહેરની સ્થિતિ તળાવ જેવી નિર્માણ થઈ જાય છે. મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં ગટરો ખુલ્લી હોવાથી અને રસ્તાની સમતળ હોવાથી જનતા ભયના માહોલમાં જીવી રહી છે. આજ વિસ્તારમાં ગઈકાલે અબોલ પશુ એવી ગાય માતાને પણ નગરપાલિકા તંત્રના વહિવટનો ભોગ બનવાનો વારો આવ્યો હતો. બસસ્ટેન્ડ પાછળ આવેલી ખુલ્લી ગટરમાં ગાય માતા ખાબકતાં લોકોના જીવ તળીયે બંધાયા હતા.

પરંતુ આજુબાજુમાં ખુલ્લી ગટરોના કારણે ગાયને બચાવવાનું સાહસ કરી શકતા ન હતા. આ ઘટનાની જાણ કલેક્ટર કચેરીમાં થતા કલેક્ટર સાહેબ જે.બી. ભટ્ટ સાહેબે એ નગરપાલિકાના વહવટીતંત્રને ધ્યાન દોરતા ત્વરીત હરકતમાં આવી ગયેલ નગરપાલિકા તંત્રએ ગાયને બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. પ્રજાજનો ગુસ્સે ભરાયા હતા અને લાગણી વ્યક્ત કરતા હતા કે કોઈ બાળક આ ગટરવ્યવસ્થાનો ભોગ બન્યું હોત. તો કદાચ મોતને ભેટ્યુ હોત. છતાં પણ નગરપાલિકા તંત્રની આંખ ઉઘડતી નથી.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)





## અરવલ્લી જિલ્લાના મોડાસામાં ધોધમાર વરસાદ : અંબાજી પદયાત્રીઓને પડતી હાલાકી

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બે દિવસથી ધીમી ધારે વરસાદ વરસી રહ્યો હતો. પરંતુ આજે સમી સાંજે એકાએક કાળાડીબાંગ વાદળો ચડી આવતા પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થઈ જતા મોડાસામાંથી જતાં પદયાત્રીઓ વરસાદને કારણે જ્યાં ત્યાં ઉભા થઈ ગયા હતા અને છેલ્લા એક કલાકમાં દોઢ ઈંચથી વધુ વરસાદ ખાબકી ચૂક્યો હતો. જો કે કોઈ જાનમાલને નુકસાન થયું નથી. પરંતુ અરવલ્લી જિલ્લામાં બહારથી આવતા અંબાજી માતાના પદયાત્રીઓ ચાલુ વરસાદે પણ પ્લાસ્ટીકની થેલી અથવા તો લાલ રૂલામનો સહારો લઈને જય અંબેના નારા સાથે ચાલતા નજરે પડે છે.





## સાબરકાંઠા-અરવલ્લીના માર્ગો જય અંબેના નાદથી ગુંજી ઉઠયા

ભાદરવી પૂનમના મહામેળાનો લાભ લેવા માટે સમગ્ર ગુજરાત ભરમાંથી શ્રધ્ધાળુઓ મા અંબાની ભક્તિ અને આરાધના કરવા માટે પગપાળા અંબાજી જઈ રહ્યા છે. જુદા જુદા સંઘ ગામે ગામથી અંબાજી તરફ કુચ કરી રહ્યા છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના માર્ગો પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યા છે. જુદા જુદા માર્ગો ઉપર પદયાત્રીઓની સેવા માટે વિસામાઓ કાર્યરત થયા છે. પદયાત્રીઓની સુવિધા અને સુખાકારી માટે જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીની રાહબરી અને માર્ગદર્શન હેઠળ વહીવટીતંત્ર પ્રશંસનીય કામગીરી બજાવી રહ્યું છે. કાયદો અને વ્યવસ્થાનીજાળવણી માટે પોલીસ તંત્ર ખડે પગે તૈનાત છે. જિલ્લાના તમામ માર્ગો જય અંબેના નાદથી ગુંજી રહ્યા છે.

(તસવીર : મગનજી વણઝારા)

# સાબરકાંઠા-અરવલ્લીમાં પ્રધાનમંત્રી જન ધન યોજનાનો સ્ટેટલેવલ બેંકર્સ સમિતિ દ્વારા શુભારંભ

સાબરકાંઠા, તા. ૨

ગાંધીનગરમાં મહાત્મા મંદિરના સભાગૃહમાં સ્ટેટ લેવલ બેંકર્સ સમિતિ તથા ગાંધીનગર ઝોનલ ઓફિસ દેના બેંક દ્વારા રાજ્ય સ્તરીય કક્ષાએ પ્રધાનમંત્રી જન ધન યોજનાનાં શુભારંભ માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તેમજ જિલ્લા સ્તરે સાબરકાંઠા જિલ્લાનું હિંમતનગર ખાતે અને અરવલ્લી જિલ્લાનું મોડાસા ખાતે કાર્યક્રમ યોજવામાં આવે. આ સાથે શાખા સ્તરે પણ અનેક કાર્યક્રમો કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, દેના બેંકના ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર અશ્વની કુમાર, નાણામંત્રી, ગુજરાત સૌરભભાઈ પટેલ, ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ વરેશ સિંહા તથા અન્ય બેંકના પ્રતિનિધિઓ અને મૂલ્યવાન ગ્રાહકો ઉપસ્થિત રહેલ.

એસ.એલ.બી.સી. સંયોજક તેમજ ફીલ્ડ જનરલ મેનેજર, દેના બેંક કે.સી. છીપાએ ઉપસ્થિત સર્વે મહેમાનો તેમજ મૂલ્યવાન ગ્રાહકોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનાં શુભ હસ્તે પ્રજવલન કરી આ કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆત શાળાની નાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીતથી કરેલ અને ત્યારબાદ ઉપસ્થિત સર્વે અતિથિઓનું સ્વાગત પુષ્પ ગુચ્છથી કરવામાં આવ્યું હતું.

# હિંમતનગર સિવિલના સ્ટાફે નિરાધાર વૃધ્ધ મૃતકના વારસદારો જેવી નૈતિક ફરજ અદા કરી

તલોદ, તા.૨

હળાહળ કળિયુગમાંય હજુ માનવતા મરી પરવારી નથી.. તેનું ઉત્તમ ઉદાહરણ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરની સિવિલ હોસ્પિટલના સમગ્ર સ્ટાફે પુરું પાડયું છે.

હિંમતનગર સિવિલ સર્જન તબીબથી માંડી સ્વીપર સુધીના તમામ કર્મચારી ભાઈ બહેનોએ સહિયારો માનવતાનો દિપ પ્રગટાવીને આમ સમાજને પ્રેરણા અને પ્રશંસનીય રાહ દર્શાવ્યો છે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૨ વર્ષ અને ૧૨૬ દિવસ અગાઉ આવીને દાખલ થયેલા એક નિરાધાર વૃધ્ધાની આમરણાંત સેવા સારવાર સુશ્રુષા કરીને સમસ્ત સ્ટાફે નિરાધાર વૃધ્ધાને અંતિમશ્વાસ સુધી આધાર પુરો પાડયો હતો જે વૃદ્ધાનું ગણેશ ચતુર્થીના પાવન દિવસે જ સિવિલ હોસ્પિટલના બિછાને સારવાર દરમિયાન મોત નિપજયું હતું ત્યારે સિવિલના સ્ટાફે સદગતની અંતિમક્રિયા કરીને તેના બંને ચક્ષુઓનું અને આખરે મૃતદેહનું પણ દાન કરીને મૃતકના વારસદારો જેવી નૈતિક ફરજ બજાવી હતી.



ખેડબ્રહ્મા તાલુકાના ગલોડીયા ગામ પાસે પથ્થર ભરી જતું ટ્રેક્ટર અચાનક પલ્ટી ખાઈ જતાં ટ્રેક્ટર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ (વા.) ગામના રહીશ રામજીભાઈ શંકરભાઈ ચેનવા (ઉ.વ.૪૨) ટ્રેક્ટર નંબર જીજે-૦૯-એએફ ૮૫૮૬ની ટ્રોલીમાં ખેડબ્રહ્મા બાજુથી લક્ષ્મીપુરા તરફ પથ્થર ભરી જતા હતા દરમિયાન ગલોડીયા ગામ પાસેથી તેઓ પસાર થતા હતા ત્યારે અચાનક ટ્રેક્ટરનો કાબુ ગુમાવતા ટ્રેક્ટર રોડની સાઈડમાં પલ્ટી ખાઈ ગયું હતું. જેથી રામજીભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજયું હતું. આ અંગે લક્ષ્મીપુરા ગામના પ્રભુભાઈ હીરાભાઈ ચેનવાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. જી.કે. ઈસરાની ચલાવી રહ્યા છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

# ડીસામાં એલઆઈસીના સ્થાપના દિન નિમિત્તે વીમા સપ્તાહની ઉજવણી

ડીસા, તા. ૨

ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી ઓફ ઈન્ડિયા) ૧લી સપ્ટેમ્બર ૧૯૫૬ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર બાબુ તથા પ્રથમ નાણામંત્રી ડૉ. સી.ડી. દેશમુખ દ્વારા માત્ર ૧૦૦ કરોડ રૂપિયાની મૂડી જેમાં કેન્દ્ર સરકારના રૂ. પાંચ કરોડના રોકાણ દ્વારા રૂપિયાની કરન્સી નોટની માફક જ વીમા પોલીસી ઉપર સૉવરીન ગેરંટીની ખાતરી આપી સ્થાપના કરવમાં આવી હતી તથા બધું જ ફંડ માત્ર ને માત્ર દેશની પંચ વર્ષીય યોજનામાં રોકાણ કરીને દેશના લોકોની સેવા તથા વિકાસ કરવાના હેતુથી રાષ્ટ્રીયકૃત ભારત સરકારનું જીવન વિમા નિગમ (એલઆઈસી) તેની ૫૮મી વર્ષગાંઠ તરીકે ઉજવણી કરી રહ્યુ છે. જેમાં કર્મચારીની સોગંદ વિધી, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, બ્લડ ડોનેશન કેમ્પ-વૃક્ષારોપણ પોલીસી હોલ્ડરોની કસ્ટમર મીટ સેવા માટેનું સ્પેશિયલ કાઉન્ટર વગેરે જેવા વિવિધ કાર્યક્રમ, ડીસા શાખામાં બ્રાંચ મેનેજરશ્રી એ.ડી. પંડયા તથા આસી. બ્રાંચ મેનેજર એચ.સી. શાહ તથા અધિકારી ગણ તેમજ કર્મચારીગણ એજન્ટ મિત્રો વગરેના સાથ સહકારથી ઉજવી રહ્યું છે.

(તસવીર : કાન્તિલાલ લોધા)






(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બે દિવસથી વરસાદ શરૂ થયેલ છે અને તેમાં વળી અંબાજી પદયાત્રીઓ અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી પસાર થવાના કારણે રોડ ઉપરનું ટ્રાફિકનું ભારણ વધુ હોવાને કારણે રીક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો તેમાં પાંચથી વધુ લોકો ઘાયલ થયા હતા. મોડાસાના ગણેશપુરા હજીરા વિસ્તારમાં જીઆઈડીસી પાસે એક ટ્રક નંબર જીજે-૯-ઝેડ-૧૧૭૨ અને શામળાજી તરફથી આવતી રીક્ષા નંબર જીજે-૯-ઝેડ ૯૧૨૦ ડીઝલ રીક્ષા જેમાં પાંચથી વધુ પેસેન્જર ભરીને મોડાસા તરફ જઈ રહી હતી ત્યારે એકાએક રીક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત થતા પેસેન્જરો ઘાયલ થયા હતા અને તેમને વધુ સારવાર અર્થે ૧૦૮ મારફતે મોડાસા સાર્વજનિક ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત પાછળનું કારણ લોકોનું એવું માનવું છે કે બે દિવસથી વરસતો વરસાદ અને અંબાજી પદયાત્રીઓનો ધસારો છે જેના કારણે શહેરમાં ટ્રાફિક અને ભીડભાડના કારણે આવા નાના મોટા અકસ્માત થઈ રહ્યા છે.

## મોડાસામાં દોલપા તળાવનું બ્યુટીફીકેશન કરાયું

મોડાસા નગરપાલિકા દ્વારા પોણા બે કરોડ રૂપિયાના માતબર ખર્ચે દોલપા તળાવ (ઓઘારી)નું રિનોવેશન અને બ્યુટીફિકેશન કરવામાં આવ્યું છે. આ કાર્ય હરિદ્વારની એક સેવાકીય સંસ્થાના સહયોગથી કરવામાં આવ્યુંછે. જેમાં એક્યુપ્રેશર પથ તૈયાર કરાયો છે તેમજ ઔષધિ ઉદ્યાનમાં ઉપયોગી ઔષધિઓના છોડ રોપવામાં આવ્યા છે. આ કાર્ય નગરપાલિકાના પ્રમુખ એસ.આર. પટેલના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે પાલિકાના અધિકારીઓ, કાઉન્સીલર્સ, વિવિધ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# અરવલ્લી એલ.સી.બી. પોલીસે નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લા એલ.સી.બી.ની ટીમ દ્વારા ગત રોજ મોડાસા મુકામેથી ગાંધીનગર જિલ્લાનો બે વર્ષથી નાસતો ફરતો આરોપી પકડી પાડી તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાની સુચના અનુસાર જિલ્લાના તથા આંતર જિલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડવાની કામગીરી કરવા જણાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન જિલ્લા એલ.સી.બી. ની ટીમે ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં સહ આરોપી દિનેશભાઈ બચુભાઈ ભરવાડ જે છેલ્લા બે વર્ષથી પોલીસથી



છુપાઈને નાસતો ફરતો હતો જેને પકડી પાડ્યો હતો અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તલોદ માર્કેટયાર્ડમાં કબૂતર, મોર માટે ચબૂતરો બનાવવામાં આવશે

તલોદ, તા. ૨

તલોદ ખાતે આવેલ ખેડૂતોની સંસ્થામાં દરરોજ હજારો મણ અનાજની લે વેચ થાય છે. આ વિખરાતુ અનાજ ખાવા માટે મોટી સંખ્યામાં કબૂતર,ચકલીઓ આવે છે તેમજ ચબૂતરાની સગવડ ન હોવાથી વેપારીઓ પણ ખુલ્લામાં કબૂતર માટે અનાજ જાહર રસ્તાઓ ઉપર નાખે છે જેને કારણે હજારો કબૂતર અનાજ ખાવા માટે આવે છે. પરંતુ કબૂતર આવતાં જ કૂતરા, બિલાડા જેવા જંગલી પ્રાણીઓ કબૂતરની પાછળ દોડી તેનો શિકાર કરે છે. પરીણામે નિર્દોષ પક્ષી મોતને ભેટે છે અને કોઈવાર માર્કેટયાર્ડમાં બેફામ દોડતા વાહન પણ નિર્દોષ પક્ષીને કચડી નાંખે છે. કબૂતર મરી જવાના પ્રસંગને જોઈને વેપારીઓ, ખેડૂતોના દિલને આઘાત પહોંચે છે. અને અનાજ નાખવાની જગ્યા ન હોવાથી ચબૂતરાનું આયોજન કરવાનું વિચારી લઈ તલોદ માર્કેટયાર્ડના વિસ્તારના ચેરમેન નરેન્દ્ર પટેલે આધુનિક ચબૂતરો યોગ્ય ઉંચાઈવાળો બનાવવાનું નક્કી કર્યું છે. જેને માર્કેટયાર્ડના તમામ ડીરેકટરોએ સમર્થન આપતાં ચબૂતરો બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

તલોદ માર્કેટ યાર્ડના ચેરમેન નરેન્દ્ર પટેલ વેપારી પ્રતિનિધિઓ, માર્કેટયાર્ડ એસોસીએશન તથા દાતા જોડે એક મીટીંગનું આયોજન કર્યું હતું. જેમાં હાલ એક બિન ઉપયોગી અને જૂની પરબ પડી છે તે જગ્યાએ ચબૂતરો બનાવવો તેમજ ચબૂતરા માટે એક પેટા કમીટી બનાવવી અને તેની દેખરેખ રાખવી તથા નિભાવ કરવાની તેમજ આજીવન દાતાઓ પાસેથી દાન લઈ આવનાર દાનના વ્યાજમાંથી જ આવક ઉભી કરી તેનું આયોજન કરવાનું નક્કી કરાયું છે કાયમી અનાજનું દાન આપનાર દાતા પણ લેવાનું નક્કી કરાયું છે.

આ વાત મૂકતાની સાથે જ તલોદ માર્કેટયાર્ડના ઈન્સ્પેકટર તરીકે કામ કરતા અને નિવૃત્તિને આરે આવેલા હરીભાઈ પટેલ (તલોદ ગામ) એ પોતાની નોકરી દરમિયાનની બચતમાંથી ૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપવાની જાહેરાત કરી ચબૂતરા સાથે નામ જોડવા માટે આપ્યા હતા. આ જાહેરાત થતાં જ સમગ્ર હાજર લોકોએ તેમને વધાવી લીધા હતા. અને બે જ માસના ટૂંકા ગાળામાં ચબૂતરો તૈયાર કરાવી આપવા હાજર એન્જીનીયર મહેન્દ્રભાઈ મિસ્રીએ ખાત્રી આપી હતી. માર્કેટયાર્ડના આ પગલાંને સૌ કોઈ લોકોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...


સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર


મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦